સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૧–૩–૨૦૧૨ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

મ્યુનિસિપલ કમિશનરશ્રીના તા.૧–૩–૨૦૧૨ ના પત્ર નં.સી.મી.સ./૮/૨૪ થી વિદિત થઈ તેમજ સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૭૫ (વેસુ–મગદલ્લા–ગવિયર–આભવા) ને સરકારશ્રીના તા.૨૧–૯–૨૦૧૧ ના હુકમ ક્રમાંક : નરચ–૧૪૧૧–૪૬૨૨–લ, થી નગર રચના યોજનાની પ્રસિધ્ધિ કરવા માટેની સમય મર્યાદામાં તા.૨૮–૧૨–૨૦૧૧ થી તા.૨૮–૩–૨૦૧૨ સુધીનો વધારો કરવા બાબતે મળેલ મંજુરી ધ્યાને લઈ તથા સરકારશ્રીની ઉક્ત મંજુરી મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૨ (૧) હેઠળ સદરહુ નગર રચના યોજનાનો મુસદ્દો તા.૨૮–૩–૨૦૧૨ પહેલા પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા મંજુરી આપવાનું તથા આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રીને અધિકૃત કરવાનુ ઠરાવવામાં આવે છે.

(૧) નહેરની મૂળખંડ નં.:૧૬૫/સી ની સ્થળે મળતી જગ્યાને ટી.પી.રસ્તા તરીકે નિયત કરવો તથા તે મુજબ આયોજનમાં આનુંસાગિક ફેરફારો કરવા.

(૨) મોજે : મગદલ્લા તથા મોજે–ગવિયરના સિમાડા પર મૂળખંડ નં.:૧૬૦ તથા ૧૪૮ ની વચ્ચે સૂચવેલ ૧૮.૦૦મીટર પહોળાઈના ટી.પી. રસ્તાને તેની દક્ષિણ તરફે મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.:૭૫ (વેસુ–મગદલ્લા–ગવિયર–આભવા) ની હદ સુધી લંબાવવા આયોજનમાં ફેરફાર કરવો તથા તેને આનુસાંગિક સુધારાઓ કરવા.

૨...

(૩) મોજે : વેસુના નવા રે.સ.નં.: ૨૪૩ – પૈકી ૧,૨ (મૂળખંડ નં. ૫૫) તથા નવા રે.સ.નં.: ૨૪૩ પૈકી –૩ (મૂળખંડ નં. ૫૬) ની વચ્ચેથી શરૂ થઈ મૂળખંડ નં. ૬૦ સુધીના સૂચિત ૧૮.૦૦મીટર પહોળાઈના ટી.પી. રસ્તાને નવા રે.સ.નં.: ૨૬૭ (મૂળખંડ નં. ૮૩) માંથી સૂચવેલ ૧૮.૦૦મીટર પહોળાઈના ટી.પી.રસ્તા સાથે જોડાણ મળી રહે તે રીતે લંબાવવાનું આયોજનમાં ફેરફાર કરવો તથા તેને આનુસાંગિક સુધારાઓ કરવા.

(૪) મોજે : વેસુના નવા રે.સ.નં.: ૨૬૭ (મૂળખંડ નં. ૮૩) માંથી સૂચવેલ ૧૮.૦૦મીટર પહોળાઈના ટી.પી.રસ્તાની એલાઈમેન્ટ મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૭૫ (વેસુ–મગદલ્લા–ગવિયર–આભવા) ની ઉત્તર તરફે આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.:૬ (વેસુ) માંથી પસાર થતા સૂચિત ૧૮.૦૦ મીટર પહોળાઈના ટી.પી.રસ્તાની એલાઈમેન્ટ સાથે સુસંગત થાય તે મુજબ આયોજનમાં ફેરફાર કરવો તથા તેને આનુસાંગિક સુધારાઓ કરવા.

(૫) મોજે : વેસુના નવા રે.સ.નં.: ૨૭૮ ( મૂળખંડ નં.:૯૪) ને ફાળવવામાં આવેલ અંતિમખંડ નં.: ૯૪ તથા "R–18" ના પ્રવેશ માટે ના સૂચિત ૧૮.૦૦ મીટર પહોળાઈના ટી.પી.રસ્તાને સ્થાનફેર કરીને મૂળખંડ નં.: ૮૪ ના જ ઉત્તર તરફના હિસ્સામાંથી પસાર થઈ નવા રે.સ.નં.: ૨૬૭ (મૂળખંડ નં.:૮૩) માંથી સૂચવેલ ૧૮.૦૦મીટર પહોળાઈના ટી.પી.રસ્તા થી જોડાણ મળે તે રીતે ૧૮.૦૦ મીટર પહોળાઈનો ટી.પી. રસ્તો સૂચવવો તે મુજબ આયોજનમાં ફેરફાર કરવો તથા તેને આનુસાંગિક સુધારાઓ કરવા.

(૬) મોજે : વેસુના નવા રે.સ.નં.: ૨૪૨/ પૈકી ૧ (મૂળખંડ નં.૪૭) તથા નવા રે.સ.નં.: ૨૪૯–૧ તથા ૨ (મૂળખંડ નં. ૬૨–૬૩) ની વચ્ચેથી પસાર થતા સૂચિત ૧૨.૦૦મીટર પહોળાઈના રસ્તાની પહોળાઈ વધારીને ૧૮.૦૦ મીટર કરવી તથા ઉકત રસ્તાને મૂળખંડ નં.૫૯ માંથી પસાર થતાં ૧૮.૦૦મી. પહોળાઈના ટી.પી.રસ્તા સાથે જોડાણ મળી રહે તે રીતે આયોજનમાં ફેરફાર કરવો તથા તેને આનુસાંગિક સુધારાઓ કરવા.

(૭) રજુ કરવામાં આવેલ મુસદ્દામાં સમુચિત સત્તામંડળ માટે " એજયુકેશન પર્પઝ" ના હેતુ માટે સુચવવામાં આવેલ પ્લોટ " R–૧૩" ને તેની પશ્ચિમે આવેલ ૨૪.૦૦મીટર પહોળાઈના ટી.પી.રોડ ઉપર થી મળતો એપ્રોચ / access ની ઓછામાં ઓછો ૪૫.૦૦ મીટરની પહોળાઈનો મળી રહે તે મુજબનો ફેરફાર કરવા તથા તેને આનુસાંગિક સુધારાઓ કરવા.

(૮) મોજે : વેસુના નવા રે.સ.નં.: ૨૨૯/૧ ના સબ પ્લોટ નં.: ૨ ( મૂળખંડ નં–૨૬) વાળી જગ્યામાં જે–તે સમયે અધિકૃત સત્તા ધ્વારા વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે તથા બિનખેતીની પરવાનગી પણ આપવામાં આવેલ છે તદ્‌ઉપરાંત પ્લોટો / જમીનોની વહેચણી કબ્જા રસીદો પણ થયેલ છે. જે પુરાવાઓ ધ્યાને લઈને વિકાસ પરવાનગી / પ્લાન ગ્રાહય રાખી ટી.પી.રસ્તા સિવાયની કપાત કરવી નહી તથા તેને આનુસાંગિક સુધારાઓ કરવા.

(૯) મોજે : મગદલ્લાના નવા રે.સ.નં.: ૮૧ પૈકી, ૮૨–૧, ૮૨–૨–૧, ૮૨–૨–૨ (મૂળખંડ નં–૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯) વાળી જગ્યામાં જે તે સમયે અધિકૃત સત્તા ધ્વારા પ્લોટોની તાંત્રિક ચકાસણી કરીને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ તથા બીનખેતીની પરવાનગી પણ આપવામાં આવેલ. વધુમાં, ડી.આઈ.એલ.આરના રેકર્ડમાં પ્લીન્થના બાંધકામો દર્શાવવામાં આવેલ છે. જે પુરાવાઓ ધ્યાને લઈ સૈધ્ધાંતિક મંજુર પ્લાનની ગ્રાહય રાખી સૈધ્ધાંતિક મંજુર પ્લાનમાં ફકત ટી.પી. રસ્તાની અસર થાય તે મુજબ આ સાથે સામેલ પાર્ટ પ્લાનમાં દર્શાવ્યા મુજબના આનુસાંગિક સુધારાઓ કરવા.

(૧૦) મોજે : વેસુના નવા રે.સ.નં.: ૨૨૮ પૈકી (મૂળખંડ નં.૨૨, ૨૩ તથા ૨૪) ની પશ્ચિમ દિશાએ સૂચવેલ ૧૨.૦૦મી પહોળાઈનો ટી.પી.રોડ ૨૬ કરી ઉક્ત જમીનોની સામે ફાળવવામાં આવેલ અંતિમ ખંડ નં. ૨૨, ૨૩ તથા ૨૪ ને તેની દક્ષિણે સૂચવેલ ૧૮.૦૦ મીટર પહોળાઈના ટી.પી.રોડ પરથી પ્રવેશ મળે તે orientation માં સુધારા કરવા તથા આ સાથે સામેલ સ્કેચમાં " Conceptual " રીતે દર્શાવ્યા મુજબ આયોજનમાં ફેરફારો કરવા તથા તેને આનુસાંગિક સુધારાઓ કરવા.

<u>ઠરાવ નં.૧૧/૨૦૧૨ સર્વાનુમતે મંજુર</u>

સ.ર. મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૨૩–૩–૧૨.

મલેક/–

Received On
Dt. 23/3/2012